# વૈશ્વિક પરિવર્તનના ‘ઉદ્દીપક’ સમાન યુદ્ધો

‘ઉદ્દીપક’ એ આમ તો રસાયણશાસ્ત્રની પરિભાષાનો શબ્દ છે. પરંતુ એ સિવાય પણ એક ખ્યાલ (Concept) તરીકે તો એ કોઈ પણ ક્ષેત્રમાં વાપરી શકાય તેમ છે. વિશ્વના લશ્કરી ઈતિહાસમાં પણ વાપરી જ શકાય. કારણ કે વિશ્વનો લશ્કરી અને યુદ્ધોનો ઈતિહાસ જોતાં એવા કેટલાય યુદ્ધો મળી રહે કે જેમણે એક યા બીજી રીતે વિશ્વની સિકલ પલટવામાં ઉદ્દીપકની ભૂમિકા ભજવી હોય. આ યાદી આમ તો ઘણી લાંબી થાય પણ અહીં સરળતા ખાતર આવાં માત્ર 5 યુદ્ધોની વાત કરી છે. અત્યારે આ વાત કરવાનું કારણ એ કે હાલ આખી દુનિયામાં યુદ્ધો ચાલે છે અથવા યુદ્ધની પ્રબળ સંભાવના સાથેની યુદ્ધ પહેલાંની ભયંકર શાંતિ પ્રવર્તે છે અને નિરીક્ષકો અને નિષ્ણાતો બંને એક સૂરમાં કહી રહ્યા છે કે આ બંને પરિસ્થિતિ આવનારા સમયમાં ફરી એકવાર જગતની સિકલ પલટવા માટે ઉદ્દીપક સમાન બની રહેશે. અહીં




જે વાત કરી છે તેના પરથી એ પુરવાર થાય છે કે ઈતિહાસ ગવાહ છે કે વર્તમાન વૈશ્વિક પરિસ્થિતિ જેવી જ પરિસ્થિતિ ભૂતકાળમાં પણ અનેકવાર સર્જાઈ ચૂકી છે. આ પ્રકારનાં યુદ્ધોની વાત કરીએ ત્યારે એ સમજવું પડે કે બધાં યુદ્ધ માત્ર શસ્ત્રોથી જ લડાય એ જરૂરી નથી અને એ દૃષ્ટિએ આ પ્રકારનાં યુદ્ધોનો પરિઘ જોઈએ તો તે બંને વિશ્વયુદ્ધોથી માંડીને કોલ્ડ વૉર તેમજ છેક નેપોલિયન વૉર સુધી વિસ્તરે છે. એ ઉપરાંત આ પરિઘમાં 13મી અને 14મી સદી દરમ્યાનના મોંગોલ આક્રમણો તેમજ 1861થી 1865 દરમ્યાનની અમેરિકન સિવિલ વૉર પણ સમાઈ જાય છે.

આ વાત કરીએ છીએ ત્યારે એ પણ નોંધવું રહ્યું કે આ યુદ્ધોએ ખુદ યુદ્ધની વ્યાખ્યાને જ પુનઃવ્યાખ્યાયિત કરી છે અને યુદ્ધને માત્ર વિનાશ જ નહીં બલકે નવસર્જનના નિમિત્ત તરીકે પણ પ્રસ્થાપિત કર્યું છે.

1. બીજું વિશ્વયુદ્ધ (1939-1945): બીજું વિશ્વયુદ્ધ દેખીતી રીતે ભલે પહેલા વિશ્વયુદ્ધ પછી થયું હોય પણ આ યાદીમાં બીજા વિશ્વયુદ્ધનો ઉલ્લેખ પહેલાં કરવો પડે તેમ છે. કારણ કે આપણે હાલ કમ્પ્યુટર સહિતની જે ટેકનોલોજીનો ઉપયોગ કરીએ છીએ તેનાં મૂળિયાં આ વિશ્વયુદ્ધમાં પડ્યાં છે. એ જ રીતે હાલ જે ન્યુક્લિયર વૉરનો ભય આખા જગતને સતાવે છે એની સત્તાવાર શરૂઆત પણ બીજા વિશ્વયુદ્ધથી જ થઈ હતી તે સર્વવિદિત છે. એ સમયે અમેરિકાએ એનિગ્મા કહેવાતું એક રૂમ જેટલું જાયન્ટ કમ્પ્યુટર બનાવ્યું હતું જેના થકી લશ્કરના સાંકેતિક સંદેશ ડીકોડ થતાં હતાં. એ પછી છેક 1980ના દાયકે સૌપ્રથમ અમેરિકામાં જ કમ્પ્યુટરનો નાગરિક વપરાશ શરૂ થયો હતો. એ જ રીતે અમેરિકાએ હીરોશિમા અને નાગાસાકી શહેરો પર પરમાણુ પ્રયોગ કર્યો ત્યારથી દુનિયાભરમાં ન્યુક્લિયર થ્રેટની શરૂઆત થઈ હતી. વૈશ્વિક અસરોની દૃષ્ટિએ જોઈએ તો બીજા વિશ્વયુદ્ધ પછી યુરોપિયન સામ્રાજ્યવાદનો સત્તાવાર અંત આવ્યો તેમજ યુએનની સ્થાપના થઈ અને કોલ્ડ વૉરની શરૂઆત થઈ.

2. પહેલું વિશ્વયુદ્ધ (1914-1918): ઉદ્દીપક તરીકે પહેલા વિશ્વયુદ્ધની વાત કરીએ તો આ વિશ્વયુદ્ધે યુદ્ધને એક ઘટના ઉપરાંત એક ઉદ્યોગની પણ ઓળખ આપી હતી. ટેન્ક, સબમરીન, યુદ્ધ




**આ પ્રકારનાં યુદ્ધોની વાત કરીએ ત્યારે એ સમજવું પડે કે બધાં યુદ્ધ માત્ર શસ્ત્રોથી જ લડાય એ જરૂરી નથી અને એ દૃષ્ટિએ આ પ્રકારનાં યુદ્ધોનો પરિઘ જોઈએ તો તે બંને વિશ્વયુદ્ધોથી માંડીને કોલ્ડ વૉર તેમજ છેક નેપોલિયન વૉર સુધી વિસ્તરે છે**

વિમાન અને રાસાયણિક હથિયારોનો ઉપયોગ પ્રથમ વિશ્વયુદ્ધથી શરૂ થયો હતો. પહેલા વિશ્વયુદ્ધની વૈશ્વિક અસરોની વાત કરીએ તો આ વિશ્વયુદ્ધ પછી યુરોપનો નકશો સ્વયંભૂ રીતે નવેસરથી રચાયો, રશિયન સામ્રાજ્ય, ઓસ્ટ્રો-હંગેરિયન સામ્રાજ્ય,

**બોર્ડર**
કેપ્ટન શૂરવીર સિંહ

ઓટ્ટોમન સામ્રાજ્ય અને જર્મન સામ્રાજ્ય- એમ કુલ 4 સામ્રાજ્યો વિસર્જિત થયાં હતાં. એ ઉપરાંત બીજા વિશ્વયુદ્ધ માટે નિમિત્તરૂપ સંજોગો આ વિશ્વયુદ્ધ થકી જ સર્જાયા હતા એ સર્વવિદિત છે.

3. કોલ્ડ વૉર (1946-1991): અમેરિકા અને રશિયા વચ્ચેનું આ 45 વર્ષ એટલે કે સાડાચાર દાયકા લાંબુ ચાલેલું આ આમ તો એક પરોક્ષ યુદ્ધ હતું. આ યુદ્ધ ઘણાં મહત્ત્વપૂર્ણ ટેકનોલોજિકલ અને સૈદ્ધાંતિક તેમજ રાજકીય પરિવર્તનોનું નિમિત્ત બન્યું હતું. આ યુદ્ધની વૈશ્વિક અસરોની વાત કરીએ તો આ યુદ્ધ લગભગ 50 વર્ષ લાંબા વૈશ્વિક ધ્રુવીકરણનું નિમિત્ત બન્યું. આ દરમ્યાન સ્પષ્ટ રીતે વિશ્વના બે હિસ્સા પડી ગયા હતા. જેના કારણે વૉરસો સંધિને અનુસરતા દેશો અને નાટો(NATO) હેઠળના દેશો એમ બે જૂથ ઊભાં થયાં હતાં.

4. નેપોલિયન વૉર (1803-1815): આ સમયગાળામાં મુખ્યત્વે નેપોલિયન બોનાપાર્ટેની આગેવાની હેઠળ થયેલા આ યુદ્ધો યુરોપમાં સામંતશાહીના યુગના અસ્ત અને યુરોપના દેશોમાં થનાર ભાવિ ક્રાંતિઓમાં નિમિત્ત બનનાર ક્રાંતિકારી વિચારોના મૂળિયાં નાખનાર બની રહ્યાં હતાં. આ યુદ્ધોની વૈશ્વિક અસરોની વાત કરીએ તો આ યુદ્ધો પછી યુરોપમાં રાજાશાહી અને સામંતશાહીના યુગના અંતની શરૂઆત થઈ હતી. લેટિન અમેરિકામાં વિવિધ સ્થળોએ આઝાદી આંદોલનની શરૂઆત થઈ હતી. એ ઉપરાંત યુરોપની સરહદો સ્વયંભૂ રીતે ફરીથી અંકાઈ હતી. આ રીતે એમ ચોક્કસ કહી શકાય કે દુનિયામાં યુરોપ ખંડ એક એવો ખંડ છે જેના નકશા અને સરહદોની વારંવાર પુનઃરચના થતી રહી છે.

5. 30 યર્સ વૉર (1618-1648): યુરોપના સૌથી વિનાશક સંઘર્ષોમાં સ્થાન પામતું આ યુદ્ધ એક નાનકડા ધાર્મિક ટકરાવ તરીકે શરૂ થયું હતું અને પછી એ ત્રણ દાયકા લાંબા યુદ્ધમાં પરિણમ્યું હતું. આ યુદ્ધ છેવટે 1648માં પૂરું થયું હતું ત્યારે વેસ્ટફિલિયાની શાંતિસંધિ થઈ હતી. જે યુરોપના રાજકીય અને સરહદી ઈતિહાસમાં એક મહત્ત્વની શાંતિસંધિ છે. જેના થકી યુરોપમાં રાષ્ટ્રીય સાર્વભૌમત્વનો ખ્યાલ શરૂ થયો હતો. વૈશ્વિક અસરની વાત કરીએ તો આ યુદ્ધ પછી ધર્મના પ્રભુત્વના આધારે ચાલતા રોમન સામ્રાજ્યનો અંત આવ્યો હતો અને એ સાથે જ તે સમયે યુરોપમાં ચાલતા નાના-મોટા ધાર્મિક સંઘર્ષો પણ કાયમ માટે શમી ગયા હતા. એ સાથે યુરોપમાં સત્તાનાં નવાં સમીકરણ રચાયાં હતાં અને યુરોપમાં રાજકીય સત્તાનું સંતુલન પુનઃ સ્થાપિત થયું હતું.




# વિશાલ ભારદ્વાજની ‘ઓ રોમિયો’ અસલમાં ‘ઓ જુલિયેટ’ છે?!

ફિલ્મ ‘ઓ રોમિયો’ થી શાહિદનું પુનરાગમન થયું એમ કહી શકાય? આ સવાલનો જવાબ થોડો જટિલ છે. જો વ્યાપારી દૃષ્ટિએ જોઈએ તો શાહિદ ક્યારેય સંપૂર્ણપણે ગાયબ થયો જ નહોતો પરંતુ તેની છેલ્લી ફિલ્મો બોક્સ ઓફિસ પર ધારી સફળતા મેળવી શકી નહોતી. ‘ઓ રોમિયો’ તેને ફરીથી લોકપ્રિયતાના શિખરે લાવી રહી છે. તેના પાત્રમાં એક એવી માસૂમિયત સાથેનો આક્રમક મિજાજ છે જે યુવા પેઢીને ખૂબ આકર્ષે છે. તે માત્ર અભિનેતા તરીકે જ નહીં એક સ્ટાર તરીકે પણ અહીં પૂરેપૂરો ખીલ્યો છે. તેથી તેનું શાનદાર ફોર્મમાં પરત ફરવું જરૂર કહી શકાય. શાહિદ માટે ‘ઓ રોમિયો’ બીજી ઈનિંગનો એક મજબૂત પાયો સાબિત થઈ શકે છે. ફિલ્મને પહેલા દિવસે રૂ.9 કરોડનું ઓપનિંગ મળ્યું હતું પરંતુ વીકએન્ડમાં કમાણી રૂ.34.50 કરોડ સુધી પહોંચી ગઈ છે. વિશાલ ભારદ્વાજના નિર્દેશનની ખામીઓ કે ફિલ્મની લંબાઈ વિશેની ટીકાઓ છતાં વેલેન્ટાઈન ડેનો લાભ મળ્યો છે. શાહિદની મહેનત સ્ક્રીન પર સ્પષ્ટ દેખાય છે. તેણે જે રીતે પોતાને પાત્રમાં ઢાળ્યો છે તે જોતાં તેણે પુનરાગમન તો કર્યું જ છે એ સાથે એક ચેતવણી પણ આપી છે કે તે હજુ રેસમાં ઘણો આગળ છે. શાહિદ એવા પાત્રમાં છે જે તેની કારકિર્દીના અગાઉના ચોકલેટી બોય અને પછીના ઈન્ટેન્સ એક્ટર વચ્ચેના સેતુ જેવું છે.

**જો ફિલ્મનું નામ ‘ઓ જુલિયટ’ હોત તો કદાચ સ્ક્રિપ્ટમાં તેના સંઘર્ષને વધુ જગ્યા મળી હોત. હીરોપ્રધાન માર્કેટિંગના ચક્કરમાં ઘણી વાર મજબૂત સ્ત્રી પાત્રોને ટાઇટલ કે ક્રેડિટમાં એ સ્થાન નથી મળતું જેના માટે તે હકદાર હોય છે. જો આ ફિલ્મ સ્ત્રી-પ્રધાન ટાઇટલ સાથે આવી હોત તો એક અલગ છાપ છોડી શકી હોત**

શાહિદને યોગ્ય સ્ક્રિપ્ટ અને પાત્ર મળે ત્યારે તે પડદા પર જાદુ કરી શકે છે. તેની શારીરિક ભાષા, ડાન્સ મૂવ્સ અને ખાસ કરીને સંવાદોની અદાયગીમાં એક પ્રકારની પરિપક્વતા દેખાય છે. જે ‘કબીર સિંહ’ કે ‘ફરઝી’ પછી વધુ ધારદાર બની છે. ‘ઓ રોમિયો’ બોલિવૂડના જૂના મસાલા અને આધુનિક સંવેદનાઓનું અનોખું મિશ્રણ રજૂ કરે છે. ફિલ્મ શરૂઆતથી જ પ્રેક્ષકોને એક રંગીન અને ઊર્જાથી ભરપૂર દુનિયામાં લઈ જાય છે. પ્લોટની દૃષ્ટિએ ફિલ્મ કદાચ બહુ નવી લાગતી નથી પણ તેની માવજત અને શાહિદની હાજરી તેને સરેરાશથી ઉપર લઈ જાય છે. વાર્તા એક એવા યુવાનની આસપાસ ફરે છે જે સામાજિક બંધનો અને પારિવારિક અપેક્ષાઓ વચ્ચે પોતાનાં સપનાઓને જીવંત રાખવા માંગે છે. અહીં રોમિયો એ માત્ર પ્રેમી નથી પણ એક બળવાખોર છે.

**ફિલ્મોગ્રાફ**
રાકેશ ઠક્કર

જેની રગરગમાં જુસ્સો છે. નિર્દેશકે કથાના પ્રવાહને જાળવી રાખવા માટે મનોરંજનનાં તમામ પાસાંઓનો કુશળતાપૂર્વક ઉપયોગ કર્યો છે. જેમાં કોમેડીની હળવી લહેરખી અને એક્શનના દમદાર ડોઝ સામેલ છે. ફિલ્મનું સંગીત તેની કરોડરજ્જુ સમાન છે. ગીતો એટલાં કર્ણપ્રિય છે કે ફિલ્મ જોયા પછી મનમાં ગુંજતા રહે છે. ખાસ કરીને બેકગ્રાઉન્ડ સ્કોર ફિલ્મના ઈમોશનલ દશ્યોમાં પ્રાણ પૂરે છે. જો કે ફિલ્મની કેટલીક ખામીઓ નજરઅંદાજ કરી શકાય તેવી નથી.

મધ્યાંતર પછી ફિલ્મની ગતિ ધીમી પડે છે અને વાર્તા થોડી અનુમાનિત બની જાય છે. ક્લાઈમેક્સમાં જે રીતે ઉકેલ લાવવામાં આવ્યો છે તે થોડો ફિલ્મી લાગે છે. તે વાસ્તવિકતાના પ્રેમીઓને કદાચ નિરાશ કરી શકે. છતાં શાહિદની ઊર્જા અને સહકલાકારોનો સાથ ફિલ્મને ડૂબવા દેતો નથી.

ઘણી વાર એવું બને છે કે ફિલ્મનું ટાઈટલ મોટેભાગે હીરોના નામ પર હોય પણ જ્યારે પડદા પર વાર્તા ખૂલતી જાય ત્યારે ખબર પડે કે ફિલ્મનો અસલી જીવ તો ‘જુલિયટ’ એટલે કે સ્ત્રી પાત્રમાં જ છે. તૃપ્તિ ડિમરીએ ‘ઓ રોમિયો’ માં જે ઊંડાણ અને ઠરેલપણું બતાવ્યું છે તે શાહિદની એનર્જી સામે એક મજબૂત સંતુલન ઊભું કરે છે. જે રીતે તેણે પાત્રની લાચારી, પ્રેમ અને મક્કમતાને પોતાની આંખોથી વ્યક્ત કરી છે તે જોતાં ખરેખર લાગે કે આ વાર્તા તેના દૃષ્ટિકોણથી કહેવી જોઈતી હતી. જો ફિલ્મનું નામ ‘ઓ જુલિયટ’ હોત તો કદાચ સ્ક્રિપ્ટમાં તેના સંઘર્ષને વધુ જગ્યા મળી હોત. હીરોપ્રધાન માર્કેટિંગના ચક્કરમાં ઘણી વાર મજબૂત સ્ત્રી પાત્રોને ટાઈટલ કે ક્રેડિટમાં એ સ્થાન નથી મળતું જેના માટે તે હકદાર હોય છે. જો આ ફિલ્મ સ્ત્રી-પ્રધાન ટાઈટલ સાથે આવી હોત તો એક અલગ છાપ છોડી શકી હોત. હવે પ્રેક્ષકો માત્ર સુપરસ્ટારને જોવા નથી જતા પણ પાત્રની ઊંડાઈ અને વાર્તાના તર્કને પણ એટલું જ મહત્ત્વ આપે છે. તૃપ્તિનું આ પર્ફોર્મન્સ આવનારા સમયમાં તેને એક મોટી સ્ટાર તરીકે સ્થાપિત કરશે એમાં શંકા નથી. ફિલ્મનો પહેલો ભાગ એક અલગ મૂડ સેટ કરે છે પણ જેવો ઈન્ટરવલ પડે છે અને વાર્તા આગળ વધે છે ત્યારે તે અચાનક ‘દેવદાસ’ મોડમાં જતી રહે છે. એ જ દારૂ, વિરહ અને જૂની કરુણાનો અતિરેક છે.

પ્રેક્ષક તરીકે પ્રશ્ન થાય કે શું નિર્દેશક વિશાલ ભારદ્વાજ ખરેખર કંઈક નવું કહેવા માંગતા હતા કે પછી તેમની જૂની ફિલ્મોના જ પડઘા અહીં સંભળાઈ રહ્યા છે? એડિટિંગ ટેબલ પર 3 કલાક લાંબી ફિલ્મ પર જો થોડી કાતર ચાલી હોત તો વાર્તાને વધુ કરકરી બનાવી શક્યા હોત અને જે અસર અત્યારે છે તેના કરતાં અનેકગણી વધી ગઈ હોત. ક્યારેક નિર્દેશક પોતાની વિઝ્યુઅલ સ્ટાઈલ બતાવવામાં મૂળ વાર્તાની ગતિ ભૂલી જતા હોય છે. દર્શકો નથી ઈચ્છતાં કે મકબૂલ, ઓમકારા અને ‘હૈદર’ જેવી માસ્ટરપીસ આપનાર નિર્દેશક સરેરાશ ફિલ્મોના પ્રવાહમાં વહી જાય કેમ કે તેમની પાસેથી અપેક્ષાઓ હંમેશાં ઊંચી રહેવાની જ છે.

### ઓટોગ્રાફ !

‘ઓ રોમિયો’ માં ઈન્ટરવલ પછી એટલો દારૂ અને વિરહ છે કે થિયેટરની બહાર નીકળતી વખતે પ્રેક્ષકોને પણ હેંગઓવર થઈ જાય છે!

# હોય નહીં વ્યક્તિ ને લાગે એની તક્તી..!

જે માણસ તેના સમગ્ર જીવન દ્વારા જાત ઘસી નાખે તેનું માત્ર દેહાવસાન થાય છે. તેના કર્મો દ્વારા તે અમર થઈ જાય છે. તેની પત્નીનું સૌભાગ્ય આજીવન અખંડ રહે છે. રામચંદ્રજીના પત્નીના નામ આગળ કદી ગં.સ્વ. (ગંગા સ્વરુપ) શબ્દ લગાડી શકાય ખરો? ‘ગંગાસ્વરૂપ કસ્તુરબા’ એમ બોલવાનું ગમે ખરું? જેઓ જીવે છે. તેઓ તેમના સદ્કર્મો દ્વારા અમર થઈ જાય છે. આજે કૃષ્ણ નથી, રામ નથી અને ગાંધીજી પણ નથી છતાં આપણે યુગો યુગો સુધી તેમને યાદ કરતાં રહીશું. ગની દહીંવાળા સાચું જ કહી ગયા છે: ‘હોય નહીં વ્યક્તિ અને એનું નામ બોલાયા કરે!’

અંધશ્રદ્ધાના ઓદ્યોગીકરણ વિષે પણ જાણવા જેવું છે. એક માહિતી મુજબ પ્લાસ્ટિકના લીંબુ અને મરચાં હવે મોટે પાયે ધંધાકીય રીતે બનાવવામાં આવે છે. (ફેક્ટરીમાં લીંબુ અને મરચાંનું ઉત્પાદન થાય એટલે અંધશ્રદ્ધાનું ઔદ્યોગીકરણ કરેલું કહેવાય) આપણે સમાજ બદલવાની બુમરેંગ મચાવે છીએ પણ જાતને બદલવાની આપણી તૈયારી નથી. એક તરફ કોમ્પ્યૂટર વડે હૃદયમાં પેસમેકર બેસાડીએ છીએ તો બીજી બાજુ એજ કોમ્પ્યૂટર વડે જન્મકૂંડળી કાઢીએ છીએ. આળસુ ભિખારી અબજોપતિ બની જાય તો કારમાં ભીખ માંગવા નીકળે તેવો મામલો છે. જરા એ વિચારીએ કે અમેરિકા, જાપાન અને જર્મનમાં પ્લાસ્ટિકના લીંબુ અને મરચાં ઘરની બારસાખે ટીંગાડ્યા હોય છે ખરા? આપણી પ્રજા અંધશ્રદ્ધાનું પણ ઔદ્યોગીકરણ કરી રહી છે તે જોયા પછી ‘મેરા ભારત મહાન’વાળી વાત શી રીતે સાચી માની શકાય? આપણે કેવળ નર્મદને જન્મ આપીને બેસી રહ્યા પણ એટલેથી અટકવાનું નથી. Miles to go before I sleep..!

માણસમાં પ્રબળ માલિકીભાવની વૃત્તિ ઈનબિલ્ટ હોય છે. નાનુ બાળક પોતાનું રમકડું બીજા બાળકને આપતું નથી. જમીનના વિશાળ ખાલી પ્લોટો પર સિમેન્ટના થાંભલા વડે તેનું ફેન્સિંગ કરવામાં આવે છે. એ થાંભલાઓને વાચા ફૂટે તો તેના શબ્દો કંઈક આવા હોઈ શકે: ‘અમારે કશું કરવાનું રહેતું નથી. ટ્રેનમાં મુસાફર બે મિનિટ માટે જાજરુમાં જાય ત્યારે પોતાની સીટ પર રૂમાલ મૂકતો જાય છે. એ રુમાલની જેમ અમારે ખામોશ જાહેરાત કરવાની છે કે : ‘અહીં બેસવું નહીં.. કોઈ અહીં બેઠું છે.’ હરણને ટ્રેનિંગ આપો તો ય તે વાઘ ન બની શકે. મહમદ પયગંબર સાહેબ, ગુરૂ નાનક સાહેબ કે શ્રી કૃષ્ણને ટ્રેનિંગ આપો તોય તેઓ આતંકવાદી ન બની શકે. અને દુર્યોધનો કે શકુનિઓ વિના પ્રશિક્ષણે દુષ્ટતાની ડિગ્રી હાંસલ કરી લે છે. સત્ય એ છે કે રામ પાછળ સો વર્ષ સુધી મહેનત કરો તોય તે રાવણ ન બની શકે અને રાવણમાં જન્મજાત રાવણત્વ સમાયેલું હોય છે. કહેવાય છે કે - પ્રાણ અને પ્રકૃતિ સાથે જાય.. મતલબ દુષ્ટતાનો નાશ ચિતામાં જ થાય!

**વર્તમાન યુગ અનેક વિટંબણાઓથી ભરેલો છે. દીકરાઓ દુનિયાની દોડમાં હાંફી રહ્યા છે. મા-બાપ પાસે સમય નથી. ઘડપણમાં તેઓ એકલા પડી ગયા છે**



**જીવન સરિતાને તીરે**
દિનેશ પાંચાલ

વર્તમાન યુગ અનેક વિટંબણાઓથી ભરેલો છે. દીકરાઓ દુનિયાની દોડમાં હાંફી રહ્યા છે. મા-બાપ પાસે સમય નથી. ઘડપણમાં તેઓ એકલા પડી ગયા છે. ઘડપણમાં માણસને હવા, પાણી અને ખોરાક મળી રહે તેટલું પૂરતું નથી - માણસને અન્યનો સાથ સથવારો પણ મળવો જોઈએ. ઘરડા બન્યા વિના એ વાત સમજી શકાય એવી નથી.

વિદેશનો એક પ્રસંગ છે. એકલતાથી કંટાળેલી એક ઘરડી માતા દીકરાને પૂછે છે: ‘દીકરા તું એક કલાક નોકરી પર મોડો જાય તો તારો કેટલો પગાર કપાય? દીકરાએ કહ્યું: ‘મા, હું એક કલાક નોકરી પર મોડો જાઉં તો મારા પચાસ ડોલર કપાઈ જાય!” માએ કહ્યું: ‘બેટા, મેં થોડા દિવસ મહેનત કરીને પચાસ ડોલર ભેગા કર્યાં છે. આજે મને તારો એક કલાક આપ! મારી સાથે બેસીને થોડી વાતો કર. મને ખૂબ સારુ લાગશે!”

વિધિની કરુણતા એ છે કે નાનપણમાં દીકરાએ માતાનું ચુંબન પામવાનો કોઈ ચાર્જ ચૂકવવો પડતો નથી હોતો. પણ નોકરી ધંધાની અતિ વ્યસ્ત જવાબદારીમાં જકડાયેલા આજના સંતાનો પાસે મા-બાપ પાસે બેસવાનો સમય નથી. દીકરાઓના પગારમાંથી મા માટે એર કન્ડિશન્ડ રૂમ બને છે. પણ એરકન્ડિશન્ડમાં સૂતેલી માને દીકરા તરફથી શીતળતાની લહેરખી પ્રાપ્ત ન થાય ત્યાં સુધી તેના દિલને ટાઢક થતી નથી. ગણેશોત્સવ વખતે એક સ્થળે અસંખ્ય કાચની નાની શીશીઓ ભેગી કરી તેને ગણેશજીની મૂર્તિ પર લગાવવામાં આવી હતી. ગણેશજી બુદ્ધિના દેવ ગણાય છે. પણ સત્ય છે કે સૌથી વધુ અબૌદ્ધિક્તા એ ઉત્સવ દરમિયાન જ જોવા મળે છે. યુવાનોએ અનેક હોસ્પિટલોમાં રખડીને ઈંજેક્શનોની હજારો બોટલ ભેગી કરી હતી ત્યારે માંડ શીશીના ગણપતિ બનાવી શકાયા હતાં. (અહીં એ કલ્પના કરીએ કે યુવાનોએ એનાથી અડધી શીશીઓ ભરીને રક્ત મેળવ્યું હોત તો કેટલા બધાં દરદીઓનો જીવ બચી શક્યો હોત! આપણે દર વર્ષે ગણેશજીની સ્થાપના કરીએ છીએ પછી અને ડૂબાડી દઈ છીએ. મનને સંતોષ મળતો હોય તો ભલે એ સિલસિલો ચાલુ રહેતો. પણ એ નિમિત્તે દુઃખ દર્દોમાં ડૂબેલા ગરીબ અને નિઃસહાય લોકોને કેટલી રાહત થઈ હોત? ઉત્સવો દરમિયાન નિઃસહાય લોકો માટે થોડી માનવતાવાદી પ્રવૃત્તિ કરી હોત તો બેશક ગણેશજીના મૂક આશિર્વાદ પ્રાપ્ત થઈ શકે. મૂર્તિ ભલે ડૂબતી પણ માનવતા જરૂર તરી જાત!

### ધૂપછાંવ

કોણ જાણે અમે સાચા હોઈશું કે ખોટા પણ એવું સમજાય છે કે કુદરતે પ્રારંભથી જ એવી તકેદારી રાખી હતી કે ભાઈ બહેન વચ્ચે રાખડીના જ સંબંધ બંધાય-આંખડીના નહીં..! સમગ્ર માનવ સમાજ કુદરતના અદશ્ય અનુશાસન પ્રમાણે જીવે છે. દાઉદ ઈબ્રાહિમ પણ પોતાની બહેનને પત્ની બનાવવાનું પસંદ કરતો નથી. ધરતી પર માણસે જે નિયમો પાળવા પડે તે પહેલાં ખરડો બનીને કુદરતની કેબિનેટમાં પાસ થાય છે. પછી મનુષ્ય જીવનમાં તેનો અમલ થાય છે. કુદરતે પ્રયોજેલી એવી ઘણી સ્વયં શિસ્ત માણસ પાળે છે એ કારણે દુનિયા હજી ટકી રહી છે. જ્યારે જ્યારે માણસ કુદરતને અવગણીને પોતાની મનમાની કરે છે ત્યારે સુનામી જેવા સિતમોનો સામનો કરવાની નોબત આવે છે. જેમકે માણસો હજારોની સંખ્યામાં વૃક્ષો કાપી નાખે છે. ત્યારે અનાવૃષ્ટિ થાય છે. ધરતીમાંથી એ અબજો ટન ખનિજ બહાર કાઢી લે છે. વૉલી બોલમાંથી હવા બહાર કાઢી લીધા પછી તે સંકોચાઈ જાય છે તે રીતે ખનીજ કાઢી લેવાથી પૃથ્વીમાં ય ભૂગર્ભીય ફેરફારો થાય છે. ભૂસ્તરશાસ્ત્રીઓ કહે છે: ‘ત્સુનામી બીજું કાંઈ નથી પણ માણસે કરેલા કુદરત વિરોધી કારસ્તાનની ફલશ્રુતિ છે. માણસ જે ડાળી પર બેઠો છે તે ડાળી કાપવાની ભૂલ કરે છે. ભગવાન પણ એ વિનાશને લાચારીપૂર્વક જોઈ રહેવા સિવાય કાંઈ કરી શકતો નથી. પૃથ્વીને પાર વિનાનું નુકસાન પહોંચાડનાર માણસ બીજી તરફ પૃથ્વી પરિષદ પણ યોજે છે. આ અબૌદ્ધિક અભિગમમાં ફેરવિચારણા થવી જોઈએ.